# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૦૭ તા.૧૭-૧૧-૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- સશસ્ત્ર સેના ધ્વજદિન-૨૦૧૬ : ૭ ડિસેમ્બર ૨૦૧૬ના રોજ ધ્વજદિનની ઉજવણી નિમિત્તે જવાનોના કલ્યાણ અર્થે ભંડોળ એકત્રિત કરવા બાબત.**

આથી તમામ મ્યુનિ. શાળાના આચાર્યશ્રીઓને જણાવવાનું કે પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ સશસ્ત્ર સેના ધ્વજ દિનની ઉજવણી કરવાનું ભારત સરકારશ્રી તરફથી નકકી કરવામાં આવેલ છે. આપણી મા ભોમ ભારતમાતાની રક્ષા કાજે આપણાં જવાનો યુધ્ધમાં અને આતંકવાદીઓ સાથે લડાઈમાં પ્રાણ-ન્યોછાવર કરી દેશ માટે મહાન કુરબાની આપે છે. આવા શહીદ થયેલા જવાનોના કુટુંબીજનો, સૈનિકો અને માજી સૈનિકોના કલ્યાણ અર્થે અને તેમને સંકટ અને માંદગીના સમયે નાણાંકિય સહાય આપવા અને તેમના બાળકોને શિક્ષણ અપાવવા જેવા કાર્યો માટે આ ધ્વજદિન ઉજવણીના પ્રસંગે જાહેર જનતા પાસેથી યથાશક્તિ ફાળો એકત્રિત કરવામાં આવે છે.

આ દિવસનું મહત્વ બાળકો સમજે તથા ફાળો એકત્ર કરવામાં સહર્ષ જોડાય તે માટે શાળામાં પ્રાર્થના સમયે જરૂરી સૂચનાઓ આપવી તથા બાળકોને ઉદાર હાથે ફાળો આપવા અને વધુ ફાળો એકત્ર કરવા પ્રોત્સાહિત કરવા તેમજ શિક્ષકોએ પણ ઉદાર હાથે પોતાનો ફાળો નોંધાવવો. દર વર્ષની જેમ આ વર્ષે પણ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસાટ કચેરી દ્વારા ફાળો ઉઘરાવવા માટે ડબ્બા આપવામાં આવશે નહીં.

એકત્રીત થયેલો ફાળો તા.૩૧-૧-૧૭ સુધીમાં અથવા ત્યાર પછીના દિવસોમાં વહેલાસર જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીની કચેરી ખાતે કેશ અથવા ડ્રાફટ દ્વારા જમા કરાવશો. ડ્રાફટ (''કલેકટર અને પ્રમુખશ્રી જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, અમદાવાદ'') ના નામનો (એકાઉન્ટ પે) નીચે જણાવેલ સરનામે મોકલી આપશો. સંજોગોવશાત એકત્રિત થયેલ ફાળો રૂબરૂ આપવા જઈ શકાય તેમ ન હોય તો ટપાલ દ્વારા મોકલી આપશો તેમજ આ બાબતે જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરીના ટેલીફોન નં.૦૭૯-૨૬૮૫૧૩૮૨ (અમદાવાદ) પર પણ સંપર્ક કરી જાણ કરી શકાશે. શાળામાંથી એકત્રિત થયેલ ફાળાની રકમ અંગેનો રિપોર્ટ તમારા બીટ સુપરવાઈઝરશ્રીને આપવાનો રહેશે.

સરનામું :- જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટની કચેરી, ગૌરવ સેનાની કુમાર ભવન, સ્કુમ સ્કૂલની સામે ડ્રાઈવ ઈન સીનેમા નજીક, ટી.વી.ટાવર પાછળ, થલતેજ, અમદાવાદ-૩૮૦૦૫૪

તા.૧૭-૧૧-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

પરિપત્ર નં.૧૦૮ તા.૧૭-૧૧-૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

**વિષય :-'' પ્રાથમિક - માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષા-૨૦૧૬''ની હૉલટીકીટ ડાઉનલોડ કરવા બાબત.**
**સંદર્ભ :-પત્રકમાંક : રાપબો/શિષ્યવૃત્તિ/૨૦૧૬/૨૫૨૬-૨૭૯૭, તા.૧૫-૧૧-૨૦૧૬ અનવયે.**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, ચાલુ શૈક્ષણિક વર્ષમાં ધોરણ-૫માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષા તથા ધોરણ-૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષા રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા તા.૨૭-૧૧-૨૦૧૬, રવિવારનાં રોજ યોજાનાર છે. સદર બન્ને પરીક્ષામાં ઉપસ્થિત થનાર વિદ્યાર્થીઓ માટેની હૉલટીકીટ(પ્રવેશપત્ર) www.sebexam.org વેબસાઈટ પરથી તા.૧૫-૧૧-૧૬નાં રોજથી વિદ્યાર્થીનાં કન્ફર્મેશન નંબર તથા જન્મ તારીખ નાંખી ડાઉનલોડ કરવાની રહેશે. મુખ્ય શિક્ષકશ્રીએ સદર બન્ને પરીક્ષામાં ઉપસ્થિત થનાર વિદ્યાર્થીઓને જાણ કરવાની રહેશે.

તા.૧૭-૧૧-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૦૯ તા.૧૭-૧૧-૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષયઃ- બાળકોને સ્કૂલમાં દાખલ કરાય ત્યારે 'પેટાજાતી' સ્પષ્ટ લખાય તેવી સુચના દોહરાવવા બાબત.

સંદર્ભઃ- પત્ર ક્રમાંકઃપરચ/૮૦૨૦૧૬/૫૮૧૫/પી તા. ૧૪-૧૦-૨૦૧૬ નો સેકશન અધિકારી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,ગાંધીનગરનો પત્ર (મુદ્દા નં.-૨૭).

આથી તમામ મ્યુનિ.શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે ધોરણ-૧માં પ્રવેશ પાત્ર વિદ્યાર્થીઓના વાલી ફોર્મમા અટક અને પેટાજાતીમાં અસ્પષ્ટ લખાય છે. શૈક્ષણિક સવલતો પાસપોર્ટ તેમજ બીજા અગત્યના કામકાજમાં ખુબજ મુશ્કેલી પડે છે. જેથી વાલી ફોર્મ ભરતી વખતે વિદ્યાર્થીઓની સદર બાબતોની ખાસ તકેદારી રાખવી.

તા.૧૭-૧૧-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

પરિપત્ર નં.૧૧૦ તા.૧૭-૧૧-૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષયઃ- શાળામાં તથા શાળાની આજુબાજુ ''સ્વચ્છતા'' જાળવવા બાબત (વિદ્યાર્થીઓના આરોગ્ય સ્વાસ્થ્યની કાળજી અંગે)

સંદર્ભઃ- ક્રમાંક પરચ/૧૦૨૦૧૬/૩૫૮/વ.૧ તા.૨૦-૧૦-૧૬નો પત્ર શિક્ષણ વિભાગ,ગુજરાત રાજય (મુદ્દા નં.-૨)

આથી તમામ મ્યુનિ.શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે શાળામાં સફાઈ-સ્વચ્છતા જાળવવા તેમજ શાળાની બહાર આજુબાજુ કચરો હોય તેમજ શાળાના કંપાઉન્ડ વોલ પાસે કચરાપેટી મુકવામાં આવેલ હોય તો તેનો નિયમિત રીતે નિકાલ થાય તેવુ સુચારુ આયોજન કરવું. સફાઈ-સ્વચ્છતા માટે તમારી શાળાના નજીકના મસ્ટર સ્ટેશને અથવા વોર્ડ ઓફિસે જાણ કરવી. જરૂર જણાયતો રિપોર્ટ સુપરવાઈઝર અને આસિ.એ.ઓ.શ્રીની ભલામણ સાથે મોકલી આપશો.

વિદ્યાર્થીઓના આરોગ્યને અસર થાય તેવી શાળાની આજુ-બાજુની કચરાપેટી હટાવવા જરૂરી પત્ર અત્રે પણ હેડકલાર્ક બ્રાન્ચમાં મોકલી આપશો.

તા.૧૭-૧૧-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી